# ભ્રૂણ



વાચકોની ઘણા સમયથી લાગણી હતી કે 'સન્નારી'માં કવિતા વિભાગ શરૂ થાય એટલે અમે કવિતા મંગાવવાનું ફરી શરૂ કર્યું છે. 'ભ્રૂણ' પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમને વિદેશથી પણ કવિતાઓ મળી છે અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

**હું ડૉ. રાજલ, વ્યવસાયે ફિઝીઓથેરાપીસ્ટ છું. હાલમાં ફ્રાન્સમાં રહું છું. તમારી પોસ્ટ પેપરમાં આવી હતી. એમાંથી પ્રેરિત થઈને મેં અહીંયા 'ભ્રૂણ' પર કવિતા લખવાની કોશિશ કરી છે.**

## ભ્રૂણ



મારા ઉદરમાં વસેલું તું,
એક દૈવી સ્પર્શ છે તું.
ધીમે ધીમે ધબકે છે તું,
એક અજાણ્યું બંધન છે તું.
હું તને હજી જોઈ શકતી નથી,
પણ મારું હૈયું તને ઓળખી રહ્યું છે.
તું મારા ઉદરમાં ધબકતું એક નાનું હૃદય છે,
જે, મારા શ્વાસ સાથે વધી રહ્યું છે.
ક્યારેક ખુશીનાં આંસુથી ભીંજાઈ જાઉં છું,
ક્યારેક અજાણી ભીતિથી ડરી જાઉં છું.
શું હું તને પૂરતો પ્રેમ આપી શકીશ?
એ પ્રશ્નથી મૂંઝાઈ જાઉં છું.
મારા હર એક શ્વાસમાં વિશ્વાસ છે કે તું,
મારા હૃદયની લાગણી અનુભવે છે તું.
મારા ઉદરમાં રહી હિંમત આપે છે તું.
મારા ડરને નીડર બનાવે છે તું.
ઈશ્વર પર વિશ્વાસ છે મને,
એ વિશ્વાસ થકી વચન આપું છું તને.
મારો પ્રેમ તારા માટે હંમેશાં રહેશે,
મારા હર એક શ્વાસ સાથે એ વધતો રહેશે.
તું મારું સંતાન, હું તારી માતા,
તું સુરક્ષિત રહે, એ જ મારી અભિલાષા.
મારા ઉદરની શાંતિમાં, તું જ મીઠું સ્પંદન,
તું જ મારા જીવનનો અર્થ, તું જ જીવનદર્શન.

**-ડૉ. રાજલ સુખીયાજી ચલિયાવાળા (ફ્રાન્સ)**



## ભ્રૂણથી દ્વિજ સુધી

ગર્ભની શાંત અંધકારમાં, ભ્રૂણ પ્રભુને પોકારે,
માતાના ઉદરના મંદિરમાં, ધ્યાન દીપક ઝળહળે રે
નિર્ભય મનથી વિનવે એને, "મને બહાર આવવા દેજો,
આ દુનિયામાં જન્મ લઈને, તારું સ્મરણ જ કરતો રહીશ"
પ્રભુના ચરણમાં પ્રાર્થના, નિર્વાણનો એ સંકલ્પ,
નિર્મળ ચિત્તે ધારણ કરે, ભક્તિનો પવિત્ર કલ્પ
પણ જન્મ ક્ષણે જ રડતાં રડતાં , 'ઉ આં તું તા' ની ધૂન,
હું અહીં તું ત્યાં કહી ને, ભૂલી જાય એ દિવ્ય ગુણ
માયાના રંગમાં રંગાઈને, ના તો તૂટી જાય,
જગતના મોહના જાળમાં, આત્મા ભટકતો રહી જાય
પછી ઉપદેશના પ્રકાશથી, જ્ઞાનનો દીપ પ્રગટે,
ઉપનયનના પવિત્ર સૂત્રથી, પ્રભુ સાથે બંધન જોડે
ફરી ઓળખે પોતાને અને ઓળખે પરમાત્માને,
એ ક્ષણે દ્વિજ બની જાય, પામે શાંતિ અંતરમાં.

-અંકુરભાઈ ગુલાબભાઈ લાડ

## 'પ્રવાસ' પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. આ વખતનો વિષય છે. 'પ્રવાસ'. તમારી મૌલિક કૃતિ અમને 16-05-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

## એક પ્રશ્ન

ઘરઆંગણ આ ગૂંજી ઊઠશે, મીઠી કિલકારીથી,
પા પા પગલી ભરશે, નાજુક ચરણો અહીં.
એના હસતા બોખલા મોંમાં સકલ બ્રહ્માંડ દેખાશે,
પૂરિપૂર્ણ થઈશ હું, માતૃત્વ ધારણ કરીને.
ઉદર ઉપર હાથ ફેરવ્યો મેં, ઉન્માદ હતો દિલ માંહી.
ત્યાં સહેજ ધીમો રવ, કાને પડયો મારે,
મા, હું અવતાર ધરીશ, તારા થકી જગ માંહે,
ધન્ય થઈશું આપણે બન્ને ધન્ય ઘડી ધન્ય પળ હશે એ.
પરંતુ મા જો હું દીકરી હોઉં તો
ભ્રૂણહત્યા તો ન કરે ને?!

**હંસા જે. દેસાઈ (અમલસાડ)**



મુકતક
કોમળ ફૂલની કળી જેવું,
અંકુરિત થતી પાંદડી જેવું.
નજાકતથી ભરપૂર છે બસ,
પારેવાની પારેવડી જેવું
-ઈમરાનખાન
(કઠોર)

## ભ્રૂણ (લઘુકાવ્યો)

ભ્રૂણહત્યાથી
શ્વેત ચાદર પર વહી જતા
લોહીએ-
ચિત્ર-સર્જન કર્યું,
નારીવિહીન
સૃષ્ટિનું!
00
સમાચાર છે-
'ભ્રૂણહત્યા કરનાર
તબીબની
હત્યા,
એક મહિલાએ કરી!'
0 0
પતિ, સગર્ભા પત્નીના
પેટ ઉપર,
કાન રાખી સૂણે છે
'ઝાંઝરનો ઝણકાર!'

ભ્રૂણનો
અરીસો છે-
સોનોગ્રાફી.
0 0
હાથ મૂકયો
માતાએ
પેટ પર.
ભ્રૂણ હૃદય -
આંખે
વાંચે છે-
માતાની હસ્તરેખામાં
પોતાનું ભાવિ!

**રમેશ પટેલ (સુરત)**



## અછાંદસ

તે
પણ
પોતાના
બચ્ચાને
પોતાના શરીરમાં ઉછેરે,
પોતાના લોહીથી સીંચે,
ને
પછી,
કેટલીય પીડા સહન
કરીને બચ્ચાને
જન્મ આપે છે...
પરંતુ,
ક્યારેય
એની ડીક્શનરીમાં
જાતિ પરીક્ષણ,
ભ્રૂણહત્યા,
જેવા શબ્દો છે જ નહીં...
કારણ કે
તે પશુ છે,
અને
:
:
આપણે
કહેવાતા માણસો!

ડૉ.સેજલ દેસાઈ (સુરત)

## મોજથી માણજે



મઘમઘતાં ફૂલોથી ખોબો મારો
મહેક્યો
જયારે તારા અસ્તિત્વને મેં
મારામાં જાણ્યો!
રોમ રોમને રક્ત રક્તમાં
મમતા મારી મલકી
સુગંધિત સઘળું ફૂલો સમ ને
હવા સાવ હલકી!
માન્યું કે ભ્રૂણહત્યાઓનો દોર છે અહીં,
રખે તું ગભરાઈશ વરસાદ વ્હાલનો છે અહીં!
ભીતરની સફરને તું મોજથી માણજે
આ 'મા' તારી સાથે જ એ તું જાણજે!
આપવી છે તને સંઘરી રાખેલી માનવતા
તું આપજે મને શૈશવ મારું ને થોડી તારી વિસ્મયતા!

**રીટા સંજય વશી (સુરત)**

## અણદીઠું સગપણ

તારા હોવાનો આભાસ જ હવે મારો પર્યાય છે,
અંધકારમાં ખીલતો આ એક અનોખો પ્રભાવ છે...
હજી તો આકાર લેતી એક નાનકડી કૂંપળ છે તું,
પણ મારા આખા અસ્તિત્વનું ખળખળતું ઝરણું છે તું...
તારું એ પહેલું સ્પંદન, મારો ધબકાર બની જાય છે,
ભીતર રચાતું એ સગપણ, મુજને ધન્ય કરી જાય છે...
ઉદરમાં તું રમે છે, ને સપનાઓ આંખે વળગે છે,
તારી આવવાની રાહમાં, આ આંખો ક્ષણ ક્ષણ જાગે છે...
મુઠ્ઠી જેવડો જીવ મારો, આખું બ્રહ્માંડ સમેટતો લાગે છે,
તારા કોમળ સ્પર્શ વિના પણ, સંબંધ ઘણો ગાઢ લાગે છે...



મારો જ અંશ થઈને, મને જ નવું રૂપ આપશે તું,
પૃથ્વી પર મારું નામ બનીને, નવું તેજ આપશે તું...
તારા શ્વાસના લયમાં, મને ઈશ્વરની પ્રતીતિ થાય છે,
હે મારા 'વ્હાલના અંશ' મને હવે તારામાં જ આખું જગત દેખાય છે...

**નિરાલી ઠોરિયા (મોરબી)-**

## પહેચાન પહેલાંનો પરિચય

સૂક્ષ્મ ચમકાર, નાજુક એક અજવાસ,
અંધકારમાં છુપાયેલો મારો પ્રથમ શ્વાસ.
હજુ શબ્દ નથી પણ સ્પંદન એક ધીમું,
શાંત ગર્ભમાં રચાતું મારું અસ્તિત્વ આણ્યું.
આશાનો અણુ, કૃપાનો મૃદુ સ્પર્શ છું હું.
ખાલીપણામાં ઊગતો નિર્ભય એક અંકુર.
તારા લોહીના સાગરમાંથી પીઉં છું હર ક્ષણ,
દરેક ટીપું લખે છે મારું આવતીકાલનું જીવન.
તારી ઉષ્મા ઓઢાડે મને નિ:શબ્દ, નિરલ કવચ,
તારા અણુઓમાં શોધું હું મારો આવતો સમય.
જાણે-અજાણે,જોને બે દિલ છતાં એક જ તાલ,
તારા ધબકારમાં સમાય મારું સકળ વિશ્વ હાલ.
તું હસે ત્યારે મારું નાનું આકાશ ઝળહળે,
તારા હાસ્યના તરંગો હલાવે મને હળવે.
તું રડે ત્યારે અંદર વરસાદ ધોધ વરસે,
તારી દરેક લાગણી મારું ચરિત્ર લખતી રહે.
હું તારા ભાવોના પ્રવાહમાં વહેતું એક કણ,
તારા જ અસ્તિત્વમાં જીવું છું હર એક ક્ષણ.
ના જાણું કેમ ગૂંથાયું મારું આ સર્જન નવલ.
અજાણી દુનિયામાં તું જ મારું પ્રથમ મિલન.
તું ધરતી છે, હું તારા ગર્ભમાં પોષાતું બીજ,
તારા પ્રેમ વિના હું અધૂરો, અપૂર્ણ અતીત.
તું છે તો હું છું-એવું નિર્ભય સત્ય જાણું,
તારા વિના મારું બધું અર્થ વિનાનું માનું.
નથી જોયો તારો ચહેરો હજી સુધી ક્યારે,
પણ તારી અંદર જ હું પૂર્ણ થયો છું સારે.
એક શ્વાસ, એક વિશ્વાસ, ને એક અજાણી ભેટ,
મળ્યાં પહેલાં જ તારી સાથે
જોડાયો સંબંધ અખૂટ.

**ડૉ. અરવિંદ લાપસીવાળા (કેલીફોર્નિયા)**



## હું પણ તારો અંશ



ઓ સર્જનહાર, સાંભળો અબોલ દીકરીની પોકાર,
ચોર્યાસી ફેરા ફરીને હું, આવી ઊભી તારે દ્વાર;
તુજને વિનવું હૃદયથી માત, કરજે હવે તું નિર્ધાર,
વધાવજે તારે આંગણે, હું બનીશ જીવનનો શૃંગાર.
તારે આંગણે આવું મા, સાંભળ મારો આ પોકાર,
અંતરમાં ખીલતાં સ્વપ્નોનો, ન કરજે તું કદી અસ્વીકાર;
હું અંશ તારો પ્રેમનો, તું છે મારો પ્રાણ-આધાર,
મને ત્યાગજે ન મધ્યમાં, રહીશ તારી આશાનો આકાર.
હું લક્ષ્મીરૂપે આવીશ મા, ઘર-આંગણું મઘમઘ કરીશ,
તારા સ્નેહની છાયામાં, પરછાઈ બનીને ફરીશ;
નાનકડાં પગલાંથી મારા, ગુંજી ઊઠશે ઘર-દરબાર,
હાસ્ય બની તારા ચહેરે, પ્રસારીશ ખુશીઓનો ઉજાસ.
દીવા સ્વરૂપે પ્રગટીને, તારા ઘરમાં કરીશ પ્રકાશ,
પગલે પગલે પ્રેમ વહાવી, હરખથી વધાવીશ પરિવાર;
જિંદગી ભલે દેવું લાગે, આનંદે કરીશ સ્વીકાર,
દીકરીના આગમનથી મા, ખીલી ઊઠશે તારો સંસાર.

**- બીના સચદેવ**